અપીલ અરજી નં.૩૮૭ તા.૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી આર.પી.વઘાસીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આર.પી.વઘાસીયાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૪ (અશ્વનીકુમાર) ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ની વિકાસ પરવાનગી ટીડીઓ/ ડીપી/૨૭૬ તા.૧૬–૦૧–૦૯ થી મંજુર કરવામાં આવેલી વિકાસ પરવાનગી ઉપરાંત વધારાનું બાંધકામ થયેલ છે કે કેમ? તેની વિગત. મુદ્દા નં.૨ વિકાસ પરવાનગી સીવાય કેટલું બાંધકામ થયેલ છે? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૭/૨૦૧૧–૧૨

શ્રી આર.પી.વઘાસીયાની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૪ (અશ્વનીકુમાર) ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં.૧ તથા ૨ ની વિકાસ પરવાનગી ટીડીઓ/ ડીપી/૨૭૬ તા.૧૬–૦૧–૦૯ થી મંજુર કરવામાં આવેલી વિકાસ પરવાનગી ઉપરાંત વધારાનું બાંધકામ થયેલ છે કે કેમ? તેની વિગત. મુદ્દા નં.૨ વિકાસ પરવાનગી સીવાય કેટલું બાંધકામ થયેલ છે? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૫ તા. ૧૦–૧૦–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૦૬ તા.૧૮–૧૧–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૫ તા. ૭–૧૨–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારનીમુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૫ તા. ૧૦–૧૦–૧૧ થી આપેલ માહિતિના પત્રની નકલ, અરજદારને મોકલવામાં આવેલ પત્રની પહોંચની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૦૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૫ તા. ૧૦–૧૦–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ આ.નં./૪૨૫ તા. ૧૦–૧૦–૧૧ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૧ અને ૨ ની વિકાસ પરવાનગી ઉપરાંત વધારાના બાંધકામ અન્વયે અત્રેથી નોટીસો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે અરજદારને અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને કોઈ પુરક વિગત પુરી પાડેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૦૮–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી આર.પી.વઘાસીયા